**(1) ઓઝોન સ્તરના જતન માટેના આંતરરાષ્ટ્રીય દિવસના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?**

(1) વર્ષ 2020ના આ દિવસની થીમ એ "ઓઝોન ફોર લાઈફ :– ઓઝોન સ્તરના જતન માટેના 35 વર્ષો" રાખવામાં આવી હતી.

(2) આ દિવસનું આયોજન WWF દ્વારા કરવામાં આવે છે.

(3) મોન્ટ્રિયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર થવાના સંદર્ભે આ દિવસનું આયોજન કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ ઓઝોન સ્તરના જતન માટે આંતરરાષ્ટ્રીય દિવસનું આયોજન દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ કરવામાં આવે છે.

⇛ આ દિવસનું આયોજન સંયુકત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ વર્ષ 2020ના આ દિવસની થીમ એ "ઓઝોન ફોર લાઈફ :– ઓઝોન સ્તરના જતન માટેના 35 વર્ષો" રાખવામાં આવી હતી.

⇛ વર્ષ 1987માં વિશ્વના દેશો દ્વારા ઓઝોન સ્તરના જતન માટે મોન્ટ્રિયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર કર્યા હતા. કિગાલી કરાર દ્વારા મોન્ટ્રિયલ પ્રોટોકોલ અંતર્ગત સુધારો કરવામાં આવ્યો હતો.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) ગ્રાહક ભાવ સૂચકાંકના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?**

(1) તેની ગણતરી દર મહિને કરવામાં આવે છે.

(2) ગ્રાહ ભાવ સૂચકાંકનું આધાર વર્ષ એ 2012 છે.

(3) ગ્રામીણ અને શહેરી ક્ષેત્રો માટેના સંયુકત ગ્રાહક ભાવ સૂચકાંકની ગણતરી શ્રમ અને રોજગાર મંત્રાલયના શ્રમ બ્યૂરો દ્વારા જાહેર કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ ગ્રાહક ભાવ સૂચકાંક એ છૂટક ખરીદારીના દષ્ટિકોણથી ભાવ વધારાને માપે છે.

⇛ તાજેતરમાં જાહેર કરવામાં આવેલ ગ્રાહક ભાવ સૂચકાંકમાં જુલાઈના **6.73%**થી ઓગસ્ટમાં **6.69%** સુધીનો ઘટાડો નોંધવામાં આવ્યો છે.

⇛ તેની ગણતરી દર મહિને કરવામાં આવે છે. તેમાં વસ્તુ અને સેવા બંનેનો સમાવેશ કરવામાં આવે છે.

⇛ વર્ષ **2012** એ તેનું આધાર વર્ષ છે.

⇛ આ સૂચકાંકના **4** પ્રકારો છે. જેમાં ઔદ્યોગિક શ્રમિકો માટે, કૃષિ મજૂરો માટે, ગ્રામીણ મજૂરો માટે અને ગ્રામીણ અને શહેરી માટે સંયુકત સૂચકાંક જાહેર કરવામાં આવે છે.

⇛ ઉપરોકત પ્રકારોમાં પ્રથમ **3** એ શ્રમ અને રોજગાર મંત્રાલયના શ્રમ બ્યૂરો દ્વારા જાહેર કરવામાં આવે છે. જ્યારે ગ્રામીણ અને શહેરી માટે સંયુકત ગ્રાહક ભાવ સૂચકાંક એ કેન્દ્રીય આંકડાકીય સંગઠન દ્વારા જાહેર કરવામાં આવે છે. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) વિશ્વના સૌપ્રથમ CNG ટર્મિનલના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?**

(1) આ ટર્મિનલ એ ભાવનગર ખાતે બનાવવામાં આવશે.

(2) આ સાથે જ લિક્વીડ કાર્ગો ટર્મિનલ, કન્ટેઈનર અને વ્હાઈટ કાર્ગો ટર્મિનલ તથા રો–રો ટર્મિનલ વિકસાવવામાં આવશે.

(3) ગુજરાત ભારતનું એકમાત્ર રાજ્ય બનશે જયાં LNG અને CNG માટેના ટર્મિનલ હશે.

(A) માત્ર (1) અને (2)　　(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ભાવનગર ખાતે વિશ્વનું સૌપ્રથમ CNG ટર્મિનલ બનાવવા માટેની મંજૂરી આપવામાં આવી હતી.

⇛ આ CNG ટર્મિનલની ક્ષમતા પ્રતિ વર્ષ 15 લાખ ટન હશે.

⇛ CNG ટર્મિનલ કાર્યાન્વિત થતા ભાવનગર પોર્ટની વાર્ષિક કાર્ગો કેપિસિટી 9 મિલિયન મેટ્રિક ટન હશે.

⇛ પ્રતિ વર્ષ 45 લાખ ટન ક્ષમતાનું લિક્વીડ કાર્ગો ટર્મિનલ કન્ટેઈનર અને વ્હાઈટ કાર્ગો ટર્મિનલ તથા રો–રો ટર્મિનલ વિકસાવવાનું આ મહત્ત્વપૂર્ણ આયોજન છે.

⇛ આ ટર્મિનલ બન્યા બાદ ગુજરાત ભારતનું એકમાત્ર રાજ્ય બનશે જયાં LNG અને CNG બંને ટર્મિનલો હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) આ યોજના દ્વારા 1 લાખ જેટલા મહિલા જૂથના 10 લાખ માતા–બહેનોને લોન આપવામાં આવશે.

(2) લોન અંતર્ગત વ્યાજ એ સરકાર દ્વારા ભોગવવામાં આવશે અને લોન માટેની સ્ટેમ્પ ડ્યૂટીમાં માફી આપવામાં આવશે.

(3) આ યોજના માટે સરકાર દ્વારા રૂ. 500 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના'' શરૂ કરવામાં આવી હતી.

⇛ આ યોજના દ્વારા રાજ્યમાં 1 લાખ જેટલા મહિલા જૂથની 10 લાખ માતા–બહેનોને જૂથ દીઠ 1 લાખ રૂપિયાની લોન વિના વ્યાજે આપવામાં આવશે.

⇛ આ યોજના દ્વારા મહિલા જૂથને કુલ રૂ. 1000 કરોડ સુધીનું ધિરાણ પ્રાપ્ત થશે.

⇛ બેંકની લોનનું વ્યાજ સરકાર દ્વારા ભોગવવામાં આવશે. અને લોન માટે જરૂરી સ્ટેમ્પ ડ્યૂટીમાં માફી આપવામાં આવશે.

⇛ યોજના માટે રૂ. 175 કરોડનું બજેટ સરકાર દ્વારા ફાળવવામાં આવ્યું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) ગુજરાતની પ્રથમ હેરિટેજ ટુરીઝમ પોલિસીના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?**

(1) તેના દ્વારા 1950 પહેલાની ઐતિહાસિક ઈમારતો, મહેલો, કિલ્લા વગેરેમા હેરિટેજ હોટલ, મ્યુઝિયમ, હેરિટેજ બેન્કવેટ હોલ અને હેરિટેજ રેસ્ટોરેન્ટ બની શકશે.

(2) હેરિટેજ હોટલના રિનોવેશન કે એકસપાન્સન માટે રૂ. 50-10 કરોડ સુધીની સહાય આપવામાં આવશે.

(3) યોજના અંતર્ગત હેરિટેજ મ્યુઝિયમ, બેંકવેટ હોલ, રેસ્ટોરેન્ટના રિનોવેશન–રિસ્ટોરેશન માટે રૂ. 45 લાખથી 1 કરોડ સુધીની સહાય આપવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ 1950 પહેલાની ઐતિહાસિક ઈમારતો, મહેલો, કિલ્લા વગેરેમાં હેરિટેજ હોટલ, હેરિટેજ મ્યુઝિયમ, હેરિટેજ બેન્કવેટ હોલ અને હેરિટેજ રેસ્ટોરેન્ટ બની શકશે.

⇛ હેરિટેજ હોટલના રિનોવેશન કે એક્સ્પાન્સન માટે રૂપિયા 5 થી 10 કરોડ સુધીની સહાય આપવામાં આવશે.

⇛ હેરિટેજ મ્યુઝિયમ, બેંકવેટ હોલ, રેસ્ટોરેન્ટના રિનોવેશન–રિસ્ટોરેશન માટે રૂ. 45 લાખથી 1 કરોડ સુધીની સહાય આપવામાં આવશે.

⇛ આથી ત્રણેય વિધાનો સાચાં છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT